Extra No. 259

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **TUESDAY, APRIL 7, 2026 / CHAITRA 17, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

હુકમ

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૨૬

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ હુકમ

નં.ડીસી/સ્થા.સ્વ.સા.ચૂં.૨૦૨૬/વશી ૩૪૬૩ થી ૩૪૮૦/૨૦૨૬:- આમુખ-૧ થી રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા રાજ્યની મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની સામાન્ય/ વિભાજન/મધ્યસત્રની બેઠકો તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની ચૂંટણી યોજવા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ ગાંધીનગર જિલ્લાની ૨ નગરપાલિકા(કલોલ, દહેગામ), ગાંધીનગર જિલ્લા પંચાયત, તથા ૩ તાલુકા પંચાયત (કલોલ, માણસા, દહેગામ)ની ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૦૧/૦૪/૨૦૨૬થી આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. સદરહું ચૂંટણીઓ હેઠળની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી અન્વયે તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ મતદાન અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ યોજનાર છે તેમજ ચૂંટણી પ્રક્રિયા તા.૩૦/૦૪/૨૦૨૬ના રોજ પૂર્ણ થનાર છે.

ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ઉમેદવારી પત્ર રજૂ કરવાના સમયે રાજકીય પક્ષોના ઉમેદવારો તેમજ અપક્ષ ઉમેદવારો મોટી સંખ્યામાં કાર્યકરો, ટેકેદારો અને સમર્થકો સાથે ઢોલ નગારા અને વાહનોની મોટી સંખ્યા લઈ ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી પત્ર રજૂ કરવા આવે છે, જેના કારણે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉભી થતી અવ્યવસ્થા અને ઓવરક્રાઉડીંગની પરિસ્થિતિ નિવારવી જરૂરી જણાય છે.

વાસ્તે હું રવિન્દ્ર ખતાલે, આઇ.એ.એસ, જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છુ.

(૧) ઉમેદવારી પત્રો રજૂ કરવા માટે ચૂંટણી અધિકારી/નિર્દિષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં ઉમેદવાર અથવા તેના દરખાસ્ત કરનાર તથા અન્ય ચાર મળી પાંચ વ્યક્તિઓ જ પ્રવેશી શકશે. માન્યતા પ્રાપ્ત સિવાયના પક્ષ તેમજ અપક્ષ ઉમેદવારોના દરખાસ્ત કરનારાની સંખ્યા વધુ હોય તેઓના કિસ્સામાં પણ પ્રથમ તબક્કે ઉમેદવાર/દરખાસ્ત કરનાર તથા અન્ય ચાર અને ત્યાર બાદ જરૂર જણાય તો પ્રથમ ગયેલા ચાર વ્યક્તિઓ ચૂંટણી અધિકારીની ચેમ્બરમાંથી બહાર નીકળી જાય તે પછી બાકીના ચાર અને તે જ રીતે બાકીના વ્યક્તિઓ ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં પ્રવેશી શકશે. આમ કોઈપણ સૂચિત ઉમેદવારે તેમના ટેકેદારો, દરખાસ્ત કરનારાઓ કે સમર્થકો સાથે ચારથી વધુ સંખ્યામાં ચૂંટણી અધિકારી/નિર્દિષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશ કરવો નહીં.

(૨) ઉમેદવારી પત્ર રજૂ કરવા આવતા સમયે ચૂંટણી અધિકારી કે નિર્દિષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરી આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં વધુમાં વધુ ત્રણ વાહનો સાથે પ્રવેશી શકાશે. ત્રણથી વધુ વાહનો સાથે કચેરીના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈએ પ્રવેશવું નહીં.

(૩) ઉપર મુજબની સૂચનાઓનો અમલ ઉમેદવાર જ્યારે તેઓનું ઉમેદવારી પત્ર લેવા આવે ત્યારે પણ કરવાનો રહેશે તથા ઉપર્યુક્ત કામે ઉપયોગમાં લેવાયેલ વાહનોનો ખર્ચ ઉમેદવારના ખર્ચમાં ઉધારવાનો રહેશે. સંબંધિત ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીએ ઉમેદવારી પત્ર લેવા આવનાર વ્યક્તિને આ હુકમની નકલ પૂરી પાડવી.

આ હુકમ ગાંધીનગર જિલ્લાના જે વિસ્તારમાં ચૂંટણી થનાર છે તે હદ વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમ તા.૩૦/૦૪/૨૦૨૬ના રોજ ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં હે.કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વધુમાં, હું એવો આદેશ કરૂ છું કે, આ હુકમને આગામી એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવો તથા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે જાહેરાત કરાવવી.

આજ રોજ તારીખ ૦૧/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

રવિન્દ્ર ખતાલે,

જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.04.20 14:50:52 IST